જાદુઈ ડાયરી.

અથવા

તંત્રશાસ્ત્ર, યોગશાસ્ત્ર, સ્વરશાસ્ત્ર
અને વામમાર્ગી વિચારોનો સાર.

પ્રકાશક,

માસ્તર નાનાલાલ મગનલાલ.

[illegible] અમદાવાદ.

અમદાવાદ—જ્ઞાનમન્દિર [illegible] પ્રેસમાં

[illegible] છાપ્યું.

પ્રથમ આવૃત્તિ　　　સને ૧૯૧૩

કિમ્મત બે આના.

જાદુઈ ડાયરી.

અથવા

તંત્રશાસ્ત્ર, યોગશાસ્ત્ર, સ્વરશાસ્ત્ર અને વામમાર્ગી વિદ્યાનો સાર.

પ્રકાશક,

માસ્તર, નાનાલાલ મગનલાલ.

રીચીરોડની સડકપર—અમદાવાદ.

અમદાવાદ—જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસમાં

શંકરલાલ અમૃતલાલે છાપ્યું.

પ્રથમ આવૃત્તિ　　　પ્રત ૧૦૦૦

કિમ્મત બે આના.

ગુજરાતી કૉપીરાઈટ સૂચના.

આ ડાયરી ધીરજ શ્રદ્ધા અને મનનપૂર્વક વાંચવાથી અનેક પ્રકારના લાભ થાય તેમ છે. અને આ દૈવી વિદ્યાઓનો જેમ જેમ રૂડો ઉપયોગ કરતા જશો તેમ તેમ તમારૂં જીવન વધારે પવિત્ર બનવાથી તમે ઉત્તમ પરમ પદને પ્રાપ્ત કરી શકશો. વધારે સમજ મેળવવા માટે મેસ્મેરિઝમ, યોગની ચાવી, જાદુકળા પ્રકાશ, સ્વરશાસ્ત્ર વગેરે મ્હોટાં પુસ્તકો વાંચવાની ભલામણ કરવી એ હું હાલમાં વ્યાજબી સમજુ છું.

લી. પ્રકાશક.

જાદુઈ ડાયરી.

અથવા

તંત્રશાસ્ત્ર, યોગશાસ્ત્ર, સ્વરશાસ્ત્ર અને વામમાર્ગી વિદ્યાનો સાર.

આ બધામાં જે રહસ્ય સમાયલું છે તેનેજ આધારે આ ડાયરીની યોજના બની છે. એ શાસ્ત્રો વિષેનું સંપૂર્ણ જ્ઞાન તો તે તે શાસ્ત્રદ્વારા અનુભવાય, પણ યત્કિંચિત્ અત્રે કહુંછું. તંત્રગ્રંથો ઘણા છે. સોએકનાં નામ મારા જાણવમાં આવ્યાંછે; તેમાં કેટલાંક વામમાર્ગી ને કેટલાંક દક્ષિણમાર્ગી છે. બધાં તંત્ર મારા જોવામા નથી આવ્યાં, પણ જે ને ઉપરથી એટલું સિદ્ધ સમજાય છે કે આપણા દેશમાં રસાયન, પ્રાણવિનિમય, આદિ વિદ્યાઓ, ઇંદ્રજાલના પ્રયોગ, પ્રેતસાધન, ઉપાસના ઇત્યાદિ અનેક વાર્તા તંત્રદ્વારાજ પ્રસિદ્ધિ પામી છે. ઘણાંખરાં તંત્ર શિવપાર્વતીના સંવાદરૂપે છે; તેનું શૈવાગમ નામનો મહા તંત્રગ્રંથ કહેવાય છે, તે મળી શકતો

નથી.* વેદકાલમાં જે યજ્ઞાદિથી દેવતાઓની આરાધના થતી, તે અનેક કારણોથી બંધ પડવાના સમયમાં તંત્રવિદ્યા ઉત્પન્ન થવા લાગી હશે એવું સમજાય છે; અને વામતંત્રોથી વ્યાપેલા અનાચારની સામે યોગશાસ્ત્રનો સુપ્રસિદ્ધ મોક્ષ માર્ગ ઉઠયો હશે એવું અનુમાન સંભવે છે.

યોગશાસ્ત્રનો હેતુ ચિત્તવૃત્તિનો નિરોધ કરી, માણસને વાસનાઓથી છોડવી, પરમાનંદરૂપ મોક્ષ પમાડવાનો છે. એનાં આઠ અંગ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ, એઓના પ્રથમ ત્રણ સાધનરૂપ છે, ને

---

* હાલ તંત્રોમાં મહામોહન, તથા તંત્રભેદન, એ નામનાં તંત્ર છે. હાલ, મારા જાણવામાં આવ્યું છે કે તેમનો વિષય જાગતા માણસને નિદ્રા લાવવી, તથા અન્ય તંત્રના પ્રયોગને ભેદવા, એવો છે. ગ્રંથો મળી આવે તો પ્રાણવિનિમય સંબંધે કાંઈ વિશેષ જાણવામાં આવે ખરૂં ! જુઓ સિદ્ધાન્તસાર પ્રકરણ ૭.

છેવટનાં ચાર વચલા પ્રાણાયામના પ્રકાર છે. આચાર, વિચાર, તથા આહારની શુદ્ધિવિષે બીજાં પુસ્તકોમાં વારંવાર કહી ગયોછું તે, તથા કયી સ્થિતિમાં શરીર રહેવાથી પ્રાણાયામ સહજસાધ્ય થાય એ, તથા દેશકાલાદિ, એ પ્રથમ ત્રણ અંગનો મુખ્ય વિષય છે. બધી વાત પ્રાણના ચલન વલનપર આધાર રાખેછે. પ્રાણને સાધવા માટેનોજ આખો પ્રયોગ છે, ને પ્રાણ યથાર્થ હાથ લાગ્યા પછી, બાકીનાં ચાર અંગોવડે ચક્રભેદ, કુંડલીપ્રબોધ ઇત્યાદ્વારા નિર્વિકલ્પ સમાધિએ પહોચી જીવનમુક્તિ તથા તે પહેલાં સિદ્ધિનો અનુભવ લેવાનો ઉદ્દેશછે. પ્રાણાયામાદિ પ્રકાર ગુરૂમુખે જાણવા એજ લાભકારી છે. યોગશાસ્ત્રની આ પ્રકારની, પ્રાણની રચના ઉપર પ્રવર્ત્તનું નામ હઠયોગ કહેવાય છે. એ કષ્ટસાધ્ય છે એતો સ્પષ્ટજ છે. પ્રાણતત્વની સ્વાભાવિક ગતી શરીરસંપત્તિ સાચવવા ઉપર રહેછે, ને તેથી, જો તેમાં આહાર વિહાર કે વિચારથી વિક્ષેપ ન કર્યો હોય તો, મનને મારી શકવું કઠિન પડતું નથી. મનની

વૃત્તિઓનેજ દબાવી દીધી હોય તો પ્રાણતત્ત્વ પોતાના સ્વાભાવિક રસ્તામાં રહી, સાધકને કોઇ રીતે નડતું નથી, અર્થાત્ તેને જીવના સુધી નિરામય તથા સુખી રાખી યોગ્ય સમયે મરણ થતાં દેવયાનમાં થઈ મોક્ષ પમાડે છેજ. આટલા માટે પ્રાણને મથવાની કડાકૂટ ન કરતાં વૃત્તિને મારવાની યુક્તિ યોજી જે યોગમાર્ગ પ્રવર્ત્યો છે તેનું નામ રાજયોગ છે. પ્રાણાદિની સ્વાભાવિક ગતિ માણસના ઉત્તરોત્તર, મોક્ષપર્યન્તના, સુખ તરફજ છે, એટલે વૃત્તિને દબાવી, પ્રાણને વિકૃત ન થવા દીધા હોય, તો મોક્ષ સુધી સ્વાભાવિક રીતેજ જવાય. વાસ્તવિક રીતે હઠ તથા રાજ એ સાધન અને સાધ્ય જેવા છે, પણ આવા ભેદ મનાય છે. રાજયોગની સાધન અવસ્થાનાં ચાર અંગ છેઃ વિવેક, વિરાગ, શમાદિ સંપત્તિ, મુમુક્ષુતા, તે પછી નિરંતર બ્રહ્મવિચાર અને તેનો અનુભવ. એ પ્રક્રિયા એ વિષયના ગ્રંથોમાંથી સમજી શકાશે.

વારંવાર એમ પૂછવામાં આવે છે કે પરશરીરથી સાધ્ય પ્રાણવિનિમય કરતાં સ્વશરીરસાધ્ય સમાધિ

આદિ જાણવાનો શો માર્ગ છે ? હું પોતે તે માર્ગ જાણું છું એમ લેશ પણ કહેવા ઇચ્છતો નથી, તથાપિ યત્કિંચિત્ મારા લક્ષમાં છે તે સાધકોને ઉપયોગી થાય તેથી લખું છું. પ્રથમ યોગાભ્યાસના અધિકારી થવું જોઇએ. યોગાભ્યાસ એટલે પ્રાણદમન એમ ન સમજવું. કેમકે યોગનું લક્ષણ યોગસૂત્રમાં સ્પષ્ટ રીતે **योगश्चित्तवृत्तिनिरोधः** એમ આપેલું છે. ચિત્તવૃત્તિનો નિરોધ તે યોગ. એવો વૃત્તિનિરોધ પ્રાપ્ત કરવા માટે વર્ણાશ્રમાનુસાર પ્રાણાયામ, સેવા, ભક્તિ, ઉપાસના, ઇત્યાદિ સાધન છે. જે બહુ જડ અધિકારી છે તેને કેવલ અંગકસરતો જેવાં આસન પ્રાણાયામાદિથી લાભ થાય છે, જે તેથી ઉત્તમ છે તેને સેવામાત્રથી લાભ થાય છે, તેથી ઉત્તમ છે તેને ભક્તિથી લાભ થાય છે, તેથી ઉત્તમ છે તેને ઉપાસનાથી લાભ થાય છે, ને ઉત્તમોત્તમને સાધનચતુષ્ટયના અભ્યાસથી યોગ સમજાઇ આવે છે. એમ અધિકારી પરત્વે સાધનના ભેદ છે, પણ સર્વનું ફલ વૃત્તિનિરોધ છે. એ વિનાનો રોધ મિથ્યા છે. વૃત્તિ શું છે ? વૃત્તિ

ક્યાંથી થાય છે ? વૃત્તિનો વ્યાપાર કેવો છે ? એ ઇત્યાદિનો સૂક્ષ્મ વિવેક વેદાન્તના આધ્યાત્મિકાઓના શ્રવણ થકી ગુરુદ્વારા પ્રાપ્ત કરી લેવો જોઇએ. તે સિદ્ધ થાય ત્યારે વિવેક એટલે નિત્ય અનિત્યનો વિવેક સ્ફુરે છે. પછી વિરાગ અને શમાદિ સંપત્તિનો નિરંતર પક્વ અભ્યાસ રાખવો જોઇએ. વૃત્તિઓને જેમ બને તેમ વૃત્તિમાત્રનો જે અંતર દ્રષ્ટા છે તેના ઉપર વાળવી એટલે અંતર્મુખ કરવી, તથા જાતિ, કુલ, પદવી, ધર્મ, પંથ, ઇત્યાદિ અભિમાન તજી નમ્રભાવ રાખતા જવો. સરલતા, મૃદુતા, દયા, અને અપ્રિયની ઉપેક્ષા, એ અભ્યાસમાં સંકલ્પ દૃઢ કરવો; * **સંકલ્પની** દૃઢતાથી વૃત્તિને ઇચ્છા થાય ત્યાં સ્થિર કરતાં શીખવું. એ અભ્યાસ એકાન્ત, નિર્જન, કોઇના સંચારવિનાનું, શુદ્ધ, સ્થાન હોય ત્યાં પવિત્ર થઇ કર્યાં જવા; નિત્ય બેઘડી ચારઘડી એવો વૃત્તિનિરોધનો સમય રાખવો. આહારવિહાર શુદ્ધ સાત્વિક રાખવા એ તો સિદ્ધજ

---

* સંકલ્પબળની જૂદી ચોપડી દોઢઆનાની ટીકીટ મોકલનારને અમે ખુશીથી મોકલીશું.

છે. આ અભ્યાસ સાથેજ આત્મનીરીક્ષણ, શું કર્યું ? શું કરવું છે ? તે સર્વ સારૂ કે ખોટું છે ? અતઃપર તે તે પ્રસંગે કેમ કરવું ? એ આદિ વિવેચના કરી સંકલ્પની દૃઢતામાં ઉમેરો કરવો, અને મિથ્યા પશ્ચાતાપમાં આત્મબલ વ્યર્થ ન કરતાં, વૃત્તિને ઉચિતમાર્ગેજ વલન રાખવાની ટેવ પાડતા જવી. આમ કરવાથી જેમ જેમ સંકલ્પ પ્રબલ થશે અને શુદ્ધતાની વૃદ્ધિ થશે તેમ તેમ વૃત્તિનિરોધ વૃદ્ધિ પામશે, એજ યોગબલ. ચમત્કારમાત્રનું એ સ્થાન છે. પણ જો આ સ્થાનેથી તેવે માર્ગે જવાય તો અતુલ હાનિ છે. એમ થાય એજ સમાધિમાં રસાસ્વાદ દોષ કહ્યો છે. બીજા પણ ત્રાસ દોષછે. લય, વિક્ષેપ, કષાય. લય એટલે અવિવેચના જેને કહીએ છીએ તે ચૂકવી, સમાધિ સમયે આત્મ-સ્વાતંત્ર્ય ખોવું. એથી અનેક જાણતાં અજાણતાં વિઘ્ન ઉદ્ભવે છે. વિક્ષેપ એટલે વૃત્તિ ઠરે નહિ તે; અને કષાય એટલે વૃત્તિમાં અતિગૂઢ રીતે રહેલા વિષયભોગના સંસ્કારનું પુનઃ પુનઃ સ્ફુરણ થઇ ભ્રાન્તિમાં પડવાનું થાય તે. "લય થાય તો ચિત્તને

જાગ્રત્ કરવું; વિક્ષેપ થતાં વારંવાર સ્થિતિમાં લાવવું; કષાયનું નિવારણ જ્ઞાનથી કરવું; રસાસ્વાદને આત્માનંદથી તજવો " એમ અભ્યાસથી વૃત્તિ-નિરોધ દૃઢ કરવો. આવા અભ્યાસ સાથે ધર્મગ્રંથનું શ્રવણ, મનન, નિદિધ્યાસન, અવશ્ય કરવું, કે જેથી વૃત્તિમાત્રના નિદાનમાં છેવટ વૃત્તિનો લય થાય. સુપરિશુદ્ધ અને દૃઢવૃત્તિ કેવલ સર્વમય એકરસ બ્રહ્માકાર થઇ રહે, સર્વત્ર અભેદ, આત્મનાજ દેખે, ત્યારે સમાધિ થઈ જાણવી. આવી બ્રહ્માકારવૃત્તિ થઇ છે એ વાતનું પણ પછી વિસ્મરણ થઇ જવું અને નિત્ય તે ને તેજ જ્ઞાનનો ઉદય રહે એ પરમ (નિર્વિકલ્પ) સમાધિ છે. ખરો આત્મયોગ, પોતાના ઉપર કરવાનું ખરૂં પ્રાણવિનિમય, આ પ્રકારે છે, એનો જે અત્ર દિગ્માત્ર નિર્દેશ કર્યોછે, તે ઉપરથી બુદ્ધિમાને વિવેચના કરી માર્ગ યોજી આગળ ચાલ્યા જવું. જે સમાધિસ્થ છે તે વિશ્વ-રૂપજ છે, તેમની ઇચ્છા તે આખા બ્રહ્માંડની ઇચ્છા છે. પિંડે તે બ્રહ્માંડે એનો યથાર્થ અનુભવ તેમને છે. અત્રે જે લખ્યું છે તેને મેસ્મેરિઝમના વિષય

સાથે, તેમાં સવિશેષે આત્મસ્વાતંત્ર્ય, શુદ્ધતા, અ-
વિધેયતા, સંકલ્પબલ ઈત્યાદિ પરત્વે, તથા વિશ્વ-
દૃષ્ટિના અંગમાં, જે જે સૂચનો છે તેની સાથે,
વિચારવાથી માર્ગ વધારે સરલ થવાનો સંભવછે.
સાધારણ ગ્રંથમાં આથી વધુ લખી ન શકાય.

આવા પ્રકારના ઉભય યોગમાર્ગની બારાખડી*
સ્વરશાસ્ત્ર છે. સ્વર એટલે પ્રાણની અવસ્થા અથવા
પ્રાણજ. સર્વ વિશ્વના પ્રાણરૂપ સૂર્યદ્વારા પોષણ
પામતો, કાયિકપ્રાણ, સૂર્યની શક્તિમાં છે કે ચંદ્રની
શક્તિમાં છે તે જાણવું, તથા તેમ ન હોય તો
યથાયોગ્ય તેમ લાવવાની યુક્તિ જાણવી, તેમજ
પ્રાણદ્વારા વર્ત્તાતાં પંચતત્ત્વમાંથી અનુકૂલ તત્ત્વને
ચલાવવાની રીતિ સમજવી, એ આ તંત્રનો વિષય
છે. એ શાસ્ત્ર પ્રમાણે પ્રાણ તથા તત્ત્વને વર્તીને
આહારવિહાર નિયમવાથી, નીરોગી તથા સુખી રહી
પ્રાણાયામ પર્યંત સહજમાં પહોંચાય છે, ને પછી

---

* સ્વરશાસ્ત્રની જુદી ચોપડી ચાર આનાની કીમતે
અમારે ત્યાંથી મળશે.

જે યોગે ચઢતું હોય તે યોગે ચઢાય છે. એ વિષ-યની વ્યવસ્થા પણ એ શાસ્ત્રના ગ્રંથોમાં જોવી. પિંડે તે બ્રહ્માંડે એ સિદ્ધાન્ત આ તંત્રમાં સારી પેઠે સ્પષ્ટ કરી કરીને સમજાવ્યો છે. પ્રાણવિનિમ-મયનું જે આ તંત્ર આપણે જોઇ ગયા તે પણ એજ વિચારનું પ્રતિફલ છે; માટે તેમાં ઉપયોગી હોય તેટલા તથા વિચારવાનને આગળ વધવામાં કામ આવે તેટલો કાંઇક વિષય અત્ર આપીએ.

આપણાં શાસ્ત્રો જણાવે છે કે બ્રહ્માનાં રાત્રિદિ-વસ મળીને એક કલ્પ થાય છે, ને કલ્પાન્તે પ્રલય થઇ નવી સૃષ્ટિ થાય છે. કલ્પમાં પણ ૧૪ મનુ થાય છે, ને પ્રત્યેક મન્વંતરમાં ચાર યુગ તથા તે તે યુગના સંધિ એમ ચાલી, અવાન્તર પ્રલયો પણ થયાં જાય છે. બ્રહ્મા એટલે સ્વરશાસ્ત્ર પ્રમાણે આખા વિશ્વનું એકત્ર નામ, ને તેમાં તત્ત્વાદિકની સ્વા-ભાવિક ગતિથી પ્રલય તથા સૃષ્ટિનાં કર્મનું ચાલવું તે રાત્રી ને દિવસ. એ ગતિ યથાર્થ જાણનારા તેમાંજ રહી મોક્ષ પામે છે. અનાદિ સૃષ્ટિ કાર્યમાં પ્રથ મવાય અથવા શબ્દ, ને તેથી આકાશતત્ત્વ,

તેના ચાલનથી વાયુતત્ત્વ, તેનાથી અગ્નિ અથવા તેજસ, તેનાથી અપ અથવા જલ, અને તેનાથી પૃથ્વી એમ ઉત્તરોત્તર સ્થુલ થતું ચાલે છે; ને બ્રહ્માંડનુ વિરાટ્રૂપ ઘડાય છે. એજ તત્ત્વોથી બ્રહ્માંડનું સૂક્ષ્મશરીર પણ પ્રથમેથીજ રચાયલુ હોય છે, તે સહિત સ્થૂલશરીરવાળાં ગ્રહોપગ્રહ તથા આ પૃથ્વી ઘડાયાં છે. જે જે તત્ત્વના પ્રભાવ સમયે જે જે ગ્રહનું શરીર બન્યું છે, તે, તે તત્ત્વનો અધિષ્ઠાતા છે.× એટલે જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે નક્કી કરેલાં લગ્ન વખતે જે ગ્રહો જેમ હોય તેમ તાત્વિક અસરો થઇ, તે લગ્ન સમયમાં બનેલાં કાર્યને પહોચે. આવી સૃષ્ટિ રચનામાં મનુષ્ય દેહપર્યન્ત બંધારણ થાય છે; ને તે દેહમાં એકએકથી સ્થૂલ એવા પાંચે તત્ત્વને અનુસરતા પાંચ કોશ બંધાય છે. પ્રાણ છે, તે, આમ સર્વવ્યાપી છે. એને મહા પ્રાણ કહે છે. એજ મનુષ્યદેહમાં પ્રવર્તે છે.

× પાશ્ચાત્ય, 'ઇવોલ્યુશન 'વાળા આ કરતાં કાંઈ વધારે નવું બતાવી શકશે? કે હજુ આટલે પણ નથી આવ્યાં.

પ્રાણની સ્થિતિ ગતિનું સ્થાન જે નાડીઓ તેનો નિગ્રહ માત્ર સૂક્ષ્મ છે. પણ પ્રાણનું નાસિકાના જમણા છિદ્રમાંથી નીકળવું એને સૂર્ય અથવા પિંગલા કહે છે, ને ડાબામાંથી નીકળવું એને ચંદ્ર અથવા ઇંડા કહે છે, અને ઉભયમાંથી નીકળવું એને સુષુમ્ણા કહે છે. સૂર્ય, ચંદ્ર એ નામ ઉપરથી સમજવાનું છે કે બ્રહ્માંડના સૂર્યચંદ્રને અનુસારે પિંડના સૂર્યચંદ્ર પણ ચાલે છે, દિવસે સૂર્યનું બલ રહે છે, રાત્રીએ ચંદ્રનું. જેમ એક દિવસમાં તેમ એક પક્ષમાં સમજવું; શુકલપક્ષમાં ચંદ્ર છે, કૃષ્ણપક્ષમાં સૂર્ય છે. એક માસનું તેમજ વર્ષનું પણ; ઉત્તરાયનમાં સૂર્ય છે, દક્ષિણાયનમાં ચંદ્ર છે. માણસના સ્વર અથવા પ્રાણનું બદલાવું ચંદ્રની ગતિને આધીન છે, ને ચંદ્ર બારે રાશિમાં લગભગ ૩૦ દિવસમાં ફરી રહે છે માટે પ્રતિમાસ સ્વર તેનો તેજ આવે. વળી બાર રાશિમાં ત્રીશ દિવસ થયા ત્યારે પ્રતિરાશિમાં ૨ાા દિવસ થાય, તે અઢી દિવસમાં પણ માણસોનો સ્વર ૩૦ વાર

બદલાય છે. એટલે કે સૂર્ય ચંદ્ર એમ લગભગ બે બે કલાકે ચાલતા રહેછે. ચંદ્રનો પ્રવેશ મેષ રાશિમાં થતાંજ સૂર્યસ્વરથી આરંભ થાયછે, તે પ્રતિ એકી એકી રાશિએ સૂર્યને સૂર્યજ આવે અને બેકી બેકીએ ચંદ્ર આવે. એ હીસાબે પક્ષ ઉપર લાવીએ ત્યારે, શુકલપક્ષમાં ૧. ૨, ૩ એટલા પ્રાતકાલે ચંદ્રજ હોવો જોઇએ ને ૪, ૫, ૬ એટલા પ્રાતઃકાલે સૂર્ય હોવો જોઇએ, ને એ પ્રમાણે બધી તિથિમાં પ્રવર્તવું જોઇએ. કૃષ્ણપક્ષમાં એથી ઉલટું થાય એ સ્પષ્ટજ છે..

સૂર્યસ્વર ઉષ્ણ, ઉગ્ર રહેછે: ચંદ્રસ્વર શીત, શાન્ત રહેછે. જમવું, રમવું, વાદવિવાદ, યુદ્ધ, પ્રવેશ, ઇત્યાદિ ઉગ્ર કર્મ સૂર્યસ્વરમાં સારાં થાયછે; પાણી દૂધ પીવું, ઇશ્વરસ્મરણ કરવું, ભણવું, ગમન, યાચના, ઇત્યાદિ શાન્ત કર્મ ચંદ્રસ્વરમાં સારાં થાયછે. સુષુમ્ણા, એ ઉભય નાસિકામાંથી ચાલતા સ્વરની સ્થિતિ છે: તે સમયે પ્રાણ સુષુમ્ણા (એટલે કરોડની નાડી) માં હોવાથી તે સ્થિતિ બહુ સૂક્ષ્મ

છે. એમાં મરણ પણ થઇ જાયછે; × અને યો-ગીઓને પ્રાણાયામાદિ કરતાં સમાધિ કરવાને પણ તેજ જરૂરની છે. એ સમયજ યોગાદિસાધન તથા હરિભજનને બહુ કામનો છે. વ્યવહારનાં કાર્યમાત્ર એમાં નિષ્ફલ થાય છે. એટલું જાણવું જોઇએ કે પ્રતિસમય સૂર્યથી ચંદ્ર, ને ચંદ્રથી સૂર્ય એમ બદલાતાં જરા વાર સુષુમ્ણા થાયછે. એ વાત લક્ષમાં રાખીનેજ બ્રાહ્મણોને સંધ્યાવંદનના ત્રણ સમય ઠરાવી આપ્યાં છે. એ ત્રણે સમયે સુષુમણા થાયજ છે, એનુંજ નામ સંધ્યા, ને તેજ વેલે પ્રાણાયામ બની શકે. યોગીઓ તો મધ્યરાત્રીએ

× સુષુમ્ણાદ્વારાએ બ્રહ્મરંધ્રમાં થઇ જેનો પ્રાણ જાય તે સૂર્યમંડલમાં જાય છે ને પુનર્જન્મ પામતાં નથી; તથા નહિતરદ્વારા જેનો પ્રાણ જાય તે ચંદ્ર લોકમાં જઇ પુનર્જન્મ પામે છે એમ શાસ્ત્રકારો કહે છે. ઉત્તરાયન, દેવયાન, અર્ચિમાર્ગ તથા દક્ષિ-ણાયન, પિતૃયાન, ધુમમાર્ગ ઈત્યાદિ કહ્યાં છે તે પણ આ સ્થલે યોજી શકાશે. (જુઓ શ્રીમદ્-ભગવદ્ગીતા અધ્યાય ૮).

એક ચોથી સંધ્યા પણ પાળે છે. આ પ્રમાણે સ્વરની ગતિ આદિ સ્વાભાવિક રીતે ચાલે છે, તેમાં વિક્ષેપ હોય તેટલી વિક્રિયા જાણવી. તે વિક્રિયા ટાળવા માટે, કે મૂલથીજ ન થવા દેવા માટે, આહારવિહાર યથાર્થ સ્વરપ્રમાણે નિયમવા જોઇએ. કૃત્રિમ રીતિથી પણ સ્વરને બદલી શકાય છે. જે નાડીમાં સ્વર લાવવો હોય તેની સામેની બાજુ દબાવીને સુવું, અથવા તે બાજુની બગલમાં એક તકીઓ કે કાંઇ (સાધુઓ ત્રણ પાંખાંનું પાટી-આવાળુ દંડ જેવું આશા નામનું લાકડું રાખે છે તે) દાબવું; પણ આહારવિહારનો નિયમ એ મુખ્ય વાત છે. અભ્યાસીઓ તો સંકલ્પમાત્રથી પણ ફેરવી લેછે. સામાન્ય રીતે દિવસે ચંદ્ર અને રાત્રીએ સૂર્ય સ્વર અતિ ઇષ્ટ ગણાય છે * એ મહાયોગ છે.

---

* કાલજ્ઞાનમાં કહે છે કે એ પ્રમાણે નિત્ય સાધનાર મહાયોગી કહેવાય ને તે અમર થાય; ત્રણ દિવસરાત એમ ચાલે તો મરણ દૂર હોય; એથી ઉલટો ક્રમ એક માસ ચાલે-તો છ માસમાં

જે પાંચ તત્ત્વ કહ્યાં તે પણ પ્રત્યેક સ્વરના બે કલાકમાં ફરી વળે છે. એ તત્ત્વનો ક્રમ યથાર્થ થયાં કરે ત્યાં સુધી તો શરીર સ્થિતિ સારી ચાલે છે પણ તેમાં વિક્ષેપ થવાથી વિઘ્ન થાય છે. પાંચે તત્ત્વ ન ચાલે ને એકનું એક ચાલે ઇત્યાદિ અવ્યવસ્થા થાય એજ વિક્રિયાનું મૂલ. જેમ સ્વરનો સ્વભાવ ક્રિયા સાત્વિક આદિ છે તેમ તત્ત્વનો પણ છે; અને જે શબ્દાદિ જે જે તત્ત્વને ઉઠાવી શકે તે તે પ્રમાણે તે શબ્દ (ગાન, મંત્ર ઇત્યાદિ)થી માણસના કે સૃષ્ટિના પ્રાણને અસર થાય છે. વાગ્દેવી રૂપ સરસ્વતી તે કંઠસ્થાનનો બધો તંત્ર છે, ને તેની વીણા તે, તે સ્થાનની નાડીઓનું ચક્ર છે, એ વીણા જેવું ગાન કરે, અર્થાત્ એ નાડીઓમાંથી જે તત્ત્વનું ઉત્થાન થાય, તેની અસર સાંભળનારને થાય. પ્રત્યેક તત્ત્વને ઓળખવાના ઘણા માર્ગ છે.

મરણ હોય; આઠપ્રહર, ૧૬ પ્રહર, ૫ દિવસરાત, ૧૫ દિવસરાત, ૨૦ કે ૩૦ દિવસરાત, સૂર્ય માત્રજ ચાલે તો અનુક્રમે ૩ વર્ષ, ૨ વર્ષ, ૧ વર્ષ, ૬ માસ, ૩ માસ અને ૨ દિવસમાં મરણ હોય.

તત્ત્વની ગતિ ઉપરથી, કે રંગઉપરથી, કે આકૃતિ ઉપરથી, આયામ કે સ્વાદ ઇત્યાદિ ઉપરથી, તત્ત્વ ઓળખાય છે. જેમ સ્વરને ફેરવી શકાય તેમ તત્ત્વને પણ ફેરવાય છે, પણ તે વાત બહુ સૂક્ષ્મ છે. કોઈ અમુક બીજનો જપ કરવાથી તત્ત્વ ફરે છે એમ સામાન્યતઃ મનાય છે. શુદ્ધબુદ્ધિવાળા સ્વરસાધકો ઇચ્છામાત્રથી પણ સ્વર તથા તત્ત્વ બદલી શકે છે. તત્ત્વની વિક્રિયા સંબંધે એમ પણ કહી શકાય કે જે તત્ત્વની અપેક્ષા હોય (જેમ કે તાવ આવતો હોય તો શાન્તિ કરવા જલતત્ત્વ ને ચંદ્રસ્વર જોઇએજ) તે તત્ત્વના રંગવાળુ પાણી, દવા ઇત્યાદિ આપવાથી લાભ થયા વિના રહે નહિ.

એકજ તત્ત્વ ચાલતું રહે એવો નિયમ નથી, મિશ્રણ પણ હોય, તે પ્રમાણે મિશ્રિત રંગ પણ નારંગી, પોપટીઆ ઈત્યાદિ હોય. આંખ મીચીને ધારવાથી પણ રંગ પરખે છે. આકૃતિ જોવા માટે કાચ કે કાંસા ઉપર છેક પાસે લાવીને શ્વાસ મૂકી જોતાં જે આકૃતિ પડે તે જોવાનો રીવાજ છે. જલ અને વાયુ સાત્વિક છે; પૃથ્વી અને તેજસ

રજરતમલવાળાં છે; આકાશ મિશ્ર છે. જલ, પૃથ્વી, વાયુથી કાર્ય સિદ્ધિ થાય છે. ચંદ્રનાડીમાં એ ઘણાંજ ઇષ્ટ છે. તેજસ તત્ત્વથી કાર્ય બને ન બને એમ કહે છે, આકાશથી વિપરીત થાય છે. સૂર્ય નાડીમાં તેજસ્તત્ત્વ લાભ આપે છે. યોગાભ્યાસમાં સુષુમ્ણા અથવા ચંદ્રનાડી ને જલ અથવા પૃથ્વીતત્ત્વ ઇષ્ટ છે. વ્યવહારકાર્ય, સાધનાદિ એ બધાં તત્ત્વોના સ્વભાવ પ્રમાણે ઘટે.

સ્વર તથા તત્ત્વનાં આ રીતિનાં સ્વરૂપ સમજી જવાથી ને તે પ્રમાણે વર્તવાથી પ્રાણનું ધ્યાન કરતાં યોગીઓ શીખે છે. પ્રાણ ક્યાંથી ઉઠે છે, ને ક્યાં બેસે છે એ જોવા ઉપરજ ધ્યાન બાંધી ઘણાએક રમે છે; ને એમ કરતાં પ્રાણાયામ તથા ચક્ર ભેદ અને સમાધિપર્યંત પ્હોચે છે. સ્વરને કોઇ યોગીઓ હંસ કહે છે ને સોઙહં અજપાના રટણથી ઉઠતા ને બેસતા હંસનું ધ્યાન કરે છે. હંસ એ સોહંનું ઉલટું છે, ને તેમ કરવાનો પણ ઉપયોગ છે. અજપા કે પ્રણવનો નિરંતર જપ કરવાથી

સ્વર અને તત્ત્વ, નિયમમાં રહે છે તથા બીજી સિદ્ધિઓ થાય છે, એમ કહે છે.

આ પ્રમાણેની સ્વર અને તત્ત્વની વ્યવસ્થાને જાણી હઠદ્વારા પ્રાણાયામને રસ્તે ચઢનાર આહાર વિહાર યથેચ્છ કરી શકે ને પ્રાણ તથા તત્ત્વના નિયમોમાં રહી શરીર સાચવી મોક્ષપર્યંત જઈ શકે. પણ એ માર્ગે જતાં બેહેકી જનારાની તો અધો ગતિજ થાય. બેહેકી જવા જેવા સંભવ પણ એ માર્ગે ઘણા છે, ને તેથી તે માર્ગ કઠિન છે. સાધનદશામાં રોગોત્પત્તિ સુલભ છે. એટલે કેવલ મનોનિગ્રહરૂપ રાજયોગમાં પ્રવૃત્ત થયેથી પ્રાણ તથા તત્વો સ્વતઃ પોતાના સ્વભાવમાંજ રહી સહજમાં ઐહિક શાન્તિ આપી, મોક્ષદાયી નીવડે એ વધારે સુતર અને સક્ષમ યોજના છે, એ આટલા વિવેચન ઉપરથી સમજી શકાશે. જીવન્મુક્તિ પણ રાજયોગને હીસાબે જ

સંભવે છે. ગૃહસ્થોને તો એજ પરમ માર્ગ છે.*

અત્રે આટલું બતાવી જવાનો ઉદ્દેશ એવો છે, કે મહાશાસ્ત્ર જે યોગ તેમાં પ્રાણ એજ મુખ્ય તત્ત્વ છે ને તેને આધારે બધા ચમત્કાર, રોગ-શાન્તિ ઇત્યાદિ સહજ બને છે, એ જણાય એટલુંજ નહિ, પણ મોક્ષ એટલે પરમઆનંદ, જે માટે પ્રાણિમાત્ર મથે છે, તે પણ પ્રાપ્ત થઈ શકે છે,

* બ્રાહ્મણો કર્મમાત્રના નિત્ય અને નૈમિત્તિક એવા ભાગ કરે છે. નિત્યકર્મ ન કરવાથી હાનિછે, પણ કરવાથી લાભ નથી એમ કહે છે. અર્થાત્ સંધ્યાવંદનાદિ નિત્યકર્મ ન કરવાથી પ્રાણમાં વિક્રિયા થઇ બેસે તો તે હાનિ સ્પષ્ટજ છે. ને કરવાથી પ્રાણ યથાર્થ ચાલતો રહે એમાં ખાસ લાભ કાંઈ નથી. જે જીવન્મુક્ત સર્વજ્ઞ શાન્ત અને શુદ્ધ પ્રાણવાળા છે તેમને કર્મ નજ હોય કેમકે પિંડ-બ્રહ્માંડૈક્યને સર્વદા અનુભવનારા તેવા મહાત્માને કોઈ પ્રકારનો વિક્ષેપ નથી; જ્યાં તેમની દૃષ્ટિ-વૃત્તિ-પડે ત્યાં તેમને સમાધિ ને સમાધિજ છે.

તેનો દિગ્માત્ર માર્ગ બુદ્ધિમાનને જડે. વાંચનાર જેને બુદ્ધિપૂર્વક મનન કરી દરેક પંક્તિઓ વાંચી ગયો હશે, તો તેને પોતાના જીવિતને ઉચ્ચતર એટલે મોક્ષ એટલે પરમાનંદને માર્ગે હવે પછી શા રીતે ચઢાવવું તેનો કાંઇક પણ વિવેક જડયો જ હશે, ને જેને એટલી વાત તેના હાથમાં આવી હશે તો મારૂં આ લખવું તથા તેનું એ વાંચી જવું સર્વથા કૃતકૃત્યજ છે.

મંત્ર તંત્ર સંબધી ખુલાસો.

કેટલાક તાંત્રિક ગ્રંથકારો મંત્ર વિષે લખે છે કે માત્રિકાના અક્ષરથી સર્વ મંત્રની ઉત્પતી થાય છે. તેના ત્રણ પ્રકાર કરેલા છે. પુરૂષ, સ્ત્રી અને નપુંસક. મંત્રના ભેદ ચાર છે, ૧ સિદ્ધ, ૨ સાધ્ય, ૩ સુસિદ્ધ, ૪ અરી. મંત્રના દોષ પાંચ છે. ૧ ક્ષણ, ૨ રૂદ્ર, ૩ શક્તિહીન ૪ પરાંગ મુખ અને બહિર ને મલીન એવા દોષ યુક્ત મંત્રથી ફળ થતું નથી. મંત્રના ૧૦ સંસ્કાર છે. જનન, જીવન, તાડન, બોધન, અભિષેક, વિમલીકરણ આપ્યાયન, તર્પણ

દીપન અને ગુપ્તી એ રીતે ૧૦ સંસ્કાર થાય છે. માત્રિકાથી મંત્રનો ઉદ્ધાર તે જનન, પ્રાણવયુક્ત જપ તે જીવન, મંત્રાક્ષર લખી તે પર તેને ચંદન-યુક્ત જલ છાંટવું તે તાડન ઇત્યાદિ દશ સંસ્કારથી મંત્ર અવશ્ય સિદ્ધ થાય. પછી કર્મચક્રથી સિદ્ધ અથવા સંધ્યાદિ ભેદનો વિચાર કરવો. મંત્ર જપવાનાં સ્થાન તીર્થ, નદી તીર, સમુદ્રતટ, પવિત્ર વન, ગુફા, દેવ મંદિર આદિ છે. એ પ્રમાણે તાંત્રિક મતવાળા માને છે તથા કરે છે.

મંત્ર તંત્રની વાત હિંદુસ્તાનની જુદી જુદી ન્યાત અને જુદા જુદા ધર્મના લોકો મોટા ભાવથી માને છે એટલુંજ નહીં પણ યુરોપ, અમેરિકાની સુધરેલી પ્રજા પણ હાલ તેને ઘણા માનથી કબુલ કરે છે. કોઇ પણ આફત વખતે મંત્ર જાણનાર પાસે અનુષ્ઠાન કરાવે છે અથવા યંત્ર કરાવી માદળીયામાં ઘાલી પોતાને હાથે અથવા ગળામાં બાંધે છે. આ ઉપરાંત વળી નઠારા લોકને વશ કરવા, ચાકરને વશ કરવા વેપારમાં લાભ થવા, શત્રુને અનુકુળ કરવા, સ્ત્રીનું સૌભાગ્ય વધારવા, દૂર હોય તેને પાસે

આણવા, મિત્રને મેળાવવા, શત્રુની વંચા તથા બુદ્ધિને અટકાવવા, નાસી જતું હોય તેને રોકી રાખવા, સ્ત્રી પુરૂષમાં કલેશ ઉપજાવવા કે સંપ કરાવવા, શત્રુનો નાશ કરવા, બાળક થવા અથવા બાળકની રક્ષા કરવા ઈત્યાદી બાબતો ઉપર તાંત્રિક ગ્રંથોમાં જુદા જુદા પ્રયોગ લખ્યા છે તે પ્રમાણે ક્રીયા કરાવે છે, જેવી જેની શક્તિ હોય તે પ્રમાણે મંત્ર કરનારને પૈસા તથા ઈનામ આપે છે, તેઓ નાહી ધોઈ જાપ કરવા બેસે છે. જે બાબતનો જાપ કરવાનો હોય તેટલા દીવસ તેઓ પ્રમાણીકપણે જાપ કરે તો જાપ કરાવનારને કાંઈક પણ લાભ થય છે. એમાં બન્નેને એક બીજા ઉપર ચોક્કસ શ્રદ્ધા હોવીજ જોઈએ. શ્રદ્ધા એટલે વિશ્વાસ વગરનું કાર્ય કદાપી લાભદાયક થતુંજ નથી. વાસ્તે જેને જેનાપર વિશ્વાસ હોય તેનીજ પાસે તેવું કાર્ય કરાવવું કે જેથી લાભ થાય.

વામ માર્ગની વિદ્યાઓ.

એનાં મૂલ કર્મ છ પ્રકારનાંછે. શાંન્તિકરણ, વશીકરણ. સ્તંભન. વૈર, ઉચ્ચાટન તથા મારણ, તેમાં શાન્તિકરણ ક્રિયાથી રોગ, જાદુ, ગ્રહ ઇ·

વ્યાધિની પીડા મટાડી શકાય છે. **વશીકરણ** વિદ્યાથી મનુષ્ય કિંવા દરેક પ્રાણી કેવળ તાબે કરી શકાય છે, **સ્તંભન** ક્રિયાથી ગતિ રોકાય છે; **વેરથી** પ્રેમ તથા સ્નેહનો નાશ કરી શકાય છે. **ઉચ્ચાટન** સ્વદેશ ત્યાગ કરાવે છે અને જીવ બેચેનમાં રાખે છે. મારણ વિદ્યાથી મુઠ ચોટ મારી હરેક જીવ ધારીનો પ્રાણ બંધ કરી શકાય છે. એ દરેક કર્મ કરતી વેળાએ અમુક દિશાએ મુખ રાખવું પડે છે તે દિશાઓ ઈશાન, **ઉત્તર, પૂર્વ, નૈઋત્ય વાયવ્ય** તથા **અગ્નિ** છે. તથા તે દરેકની જુદી જુદી દેવીઓ હોય છે. અનુક્રમે રતિ, **સરસ્વતી, લક્ષ્મી,** જ્યેષ્ઠા, દુર્ગા **અને ભદ્રકાળી** દેવીઓનું પ્રથમ પુજન કરવું પડે છે. જેઓને શ્વેત, રક્ત, પિંગા, તામ્ર, ધુમ્ર અને શ્યામ રંગો છે. વળી એ કરવામાં ઋતુ વિચાર અવશ્ય છે. પ્રાતઃકાળમાં હેમંત, સૂર્યોદય પછી **વસન્ત**, બપોરે **ગ્રીષ્મ**, તે પછી વર્ષા સાયંકાળે **શિશિર** અને મધ્યરાત્રી સમયે **શરદ્** ઋતુ ભોગવાય છે. હવે હેમંતમાં **શાન્તિ કર્મ**, વસન્તમાં **વશીકરણ**, ગ્રીષ્મમાં **વેર**, વર્ષામાં, **ઉચ્ચાટન**, શિશિરમાં **સ્તંભન** તથા શરદમાં **મારણ** પ્રયોગ ચલાવાય છે.

આ ક્રિયાઓ કરતી વખતે અને તેને લગતા મંત્રો જપતી વેળાએ બેસવાના આસનોમાં પણ ભેદ છે. શાન્તિકરણમાં સ્વસ્તિક વૈરમાં કુક્કુટ, ઉચ્ચાટનમાં અર્દ્ધ સ્વસ્તિક, સ્તંભન તથા મારણમાં વિકટ, વશીકરણમાં ભદ્ર, એવાં આસનો ઉત્તમ ગણાય છે. મંત્રોમાં પણ પુરૂષ, સ્ત્રી તથા નપુંસક એવાં ત્રણ લિંગ છે. જે દરેકને કાર્ય મુજબ વાપરવાં પડે છે દરેક કાર્ય માટે જૂદાં જૂદાં પદ છે. જે જપતી વખતે ઉપયોગમાં લેવાય છે. બંધન, ઉચ્ચાટન, દ્વેષ, તથા સંકીર્ણ કાર્યોની સિદ્ધિ માટે હુમ્ છેદનમાં ફટ, અરિષ્ટ તથા ગ્રહનિવારણમાં હુંફટ, બોધનમાં વૌષટ, અગ્નિ કર્મમાં સ્વાહા તથા બીજાં સર્વે પુજનોમાં નમઃ શબ્દનો ઉપયોગ થાય છે. હુંફટ, પુરૂષ, સ્વાહા સ્ત્રી, તથા નમઃ વાળાં મંત્રો નપુંસક ગણાય છે વશીકરણ તથા શાન્તિ કર્મમાં પુરૂષ, ક્ષુદ્ર ક્રિયાઓમાં સ્ત્રી તથા બીજાઓમાં નપુંસક મંત્રો વપરાય છે.

આ શિવાય અમુક વખત મંત્ર જપવા સારૂ જે માળાઓ વપરાય છે તેના દાણાઓમાં પણ ફરક છે. વશીકરણ મંત્રો માટે મોતી અથવા હીરાની માળા જોઇએ. આકર્ષણ માટે ગજ

મુક્તાની માળા, ઉચ્ચાટન તથા વૈર માટે બેહે-
ડાની માળા, મારણ સારૂ પોતાના મ્હોતે મુએલા
ગધેડાના દાંતની માળા, ધર્મ કામાર્થ સિદ્ધિ માટે
શંખમણિની માળા સર્વ કામાર્થ સિદ્ધિ માટે
પદ્માક્ષની તથા તમામ જાતનાં કાર્યો માટે રૂદ્રા-
ક્ષની માળાનો ખપ પડે છે. એ દાણાઓ પરો-
વવાની દોરીમાં પણ જાત જાતની દોરીઓ વપરાય
છે. શાન્તિમાં કમળ તંતુની દોરી, આકર્ષણ
અને ઉચ્ચાટન માટે ઘોડાના પુછના વાળની
દોરી, મારણમાં માણસની નસની દોરી, તથા
બહેડા ઇત્યાદિની માળા સુતરની દોરીમાં પરોવવા-
માં આવે છે. મોતિના માળાના ૨૭ દાણા જોઇએ.
બેહેડાના ૧૫ મણકા અને અ.૭ બધી માળાઓમાં
૧૦૮ દાણાઓ જોઇએ, તે ફેરવવાની યુક્તિ અને
નિયમ બહુજ ગુપ્ત રાખવામાં આવે છે. શાન્તિ-
કરણ, સ્તંભન અને વશીકરણમાં અંગુઠા અને
વચલી આંગળીથી માળા ફેરવવી, આકર્ષણમાં
અંગુઠા અને અનામિકાથી માળા ફેરવવી, અને
વેર તથા ઉચ્ચાટનમાં અંગુઠા તથા તર્જની આં-
ગળીથી માળા ફેરવવી, તેમજ મારણના પ્રયોગમાં

અંગુઠો તથા કનિષ્ઠા આંગળીએ માળાના દાણા ફેરવવા જોઇએ.

મંત્રોનો જપ ત્રણ પ્રકારનો છે, વાચિક, ઉપાંશુ તથા માનસ, વાચિક મંત્ર અન્ય કોઈ સાંભળે તેમ સ્પષ્ટ બોલાય છે ઉપાંશુમાં માત્ર ઓષ્ઠ—હોઠ હાલે છે. માનસ મંત્રમાં અંતર ઉચ્ચારણજ થાય છે. વળી જુદાં જુદાં કાર્યો માટે જુદી જુદી વસ્તુઓનો હોમ કરવામાં આવે છે અને તે તે પદાર્થોનું અગ્નિમાં હવન થાય છે. શાન્તિકરણમાં દુધ, ઘી, તલ, પિંપલ; પુષ્ટિમાં બીલીપત્ર, ઘી; વશીકરણમાં રાઈ, લવણ—મીઠું; ઉચ્ચાટનમાં કાગડાની પાંખ; મોહનમાં ધંતુરાનાં બીજ; મારણમાં લોહીની મેળવણીવાળું ઝેર એ મુખ્ય પદાર્થો હોમવામાં આવે છે, એ વસ્તુઓનું હવન કરતી વખતે અમુક મુદ્રાથી કામ થાય છે, અને અજ્ઞાનતાથી ખોટી મુદ્રાનો ઉપયોગ થયે કરનાર ધણી અને તેનું કામ ભારી નુકશાન પામે છે. વખતે જીવ પણ જાય છે. એવી હોમ મુદ્રા ત્રણ છે જેને શુકરી. હંસી અને મૃગી કહે છે. આહુતી દેતી વખતે જે હાથને સંકોચી આપવામાં આવે છે તેને શુકરી, કનિષ્ટિકાને છોડી જે દેવામાં આવે છે તેને હંસી; અને તર્જની

તથા કનિષ્ટના મેળાવથી જે આકુતી આપવામાં આવે છે તેને મૃગી મુદ્રા કહે છે. એ ઉપરાંત પ્રયોગ કરતાં જે આસનો વપરાય છે તે પણ જૂદા જૂદા ચામડાનાં હોય છે. વશીકરણ માટે મેંઢાના ચામડાનું આસન જોઇએ, આકર્ષણ સારૂ વાઘના ચામડાનું, ઉચ્ચાટન માટે ઉંટના ચામડાનું, વિદ્વેષણ સારૂ ઘોડાના ચામડાનું, અને મારણ માટે ભેંસના ચામડાનું આસન વપરાય છે, એના ઉપર અમલ કરવાને સમ્બન્ધ મંત્રો. બીજે, યંત્રો અને તંત્રો તથા ક્રિયાઓ છે. વળી તેના ઉપયોગમાં બીજી અપ્રસિદ્ધ બારીકીઓ છે જે કોઇ બીજી વખત બતાવીશું આ વિદ્યાઓ ગુરૂ વીના સાધ્ય થઇ શકતી નથી. કારણ કે તેમાં જો જરીક પણ ખામી રહી જાય છે તો ધાર્યા કરતાં ઉલટું પરિણામ આવે છે. આ સંબંધી વધુ ખુલાસો જોઇએ કે કાંઇપણ મંત્રનું કામકાજ હોય તો અમને લખવું અને જવાબ સારૂ ટીકીટ બીડવી એટલે બાજબી સલાહ આપવામાં આવશે.

સમાપ્ત.

ચમત્કારી જાદુઇ પુસ્તકો.

યોગની ચાવી—મન વશ કરવાની રીત, મેસ્મેરિઝમ, હીપનોટીઝમ, વામમાર્ગીની વિદ્યાઓ, સ્પીરીચ્યુએલીઝમ, ફ્રેનોલોજી મસ્તક વિદ્યા, મેન્ટલ-ટેલેપથી, ત્રિકાળજ્ઞાન, હાજરાત ભરતાં શીખવાની રીત વીગેરે બાબતો છે. **કીમત બે રૂપીઆ.**

મેસ્મેરિઝમ—માનસિક યોગ કે પ્રાણવિનિમય એટલે પારકા પ્રાણપર કાબુ મેળવવાની ઇંગ્રેજી વિદ્યાનો ઉત્તમ સંગ્રહ. **કીંમત બે રૂપીઆ.**

જાદુકળા પ્રકાશ—મંત્ર, તંત્ર વશીકરણ વિદ્યા અને જાદુના નવાઇ જેવા ખેલો ઉપરાંત ઘણીજ ચમત્કારી બાબતો આ સવાબસો પાનાના દળદાર પુસ્તકમાં સમાવી છે. **કીંમત એક રૂપીઓ.**

કામરૂદેશની મંત્રવિદ્યા યાને દેવવિદ્યા—મંત્ર શાસ્ત્રની સંપુર્ણ રીગત તંત્ર વિદ્યાના ચમત્કારો સાથે ચોથી આવૃત્તિ **કીંમત એક રૂપીઓ.**

અનંત રંગ—રોગી ભોગી ને જોગી સાને

ઉપયોગી કોકશાસ્ત્રનો મર્યાદામય સાર આ રંગીલા પુસ્તકમાં સમાવ્યો છે. કીંમત એક રૂપીઓ.

ભૂત વશીકરણ—એટલે મુર્દાઓ યાને મુએલા માણસોના આત્મા સાથે વાતચિત કરવાની વિદ્યા તદ્દન સરળ ભાષામાં છે. કીંમત આઠ આના.

મફત ભેટ ઇનામ !—ફક્ત એક આનાની પોસ્ટની ટીકીટ મોકલનારને અદ્ભુત ખેલ, હીરા-મોતીની પરિક્ષા, મેન્ટલટેલેપથી વગેરે બુકો મળશે

સુચના—અમારા દરેક ગ્રાહકને નમનતાઇથી અરજ કરીએ છીએ કે મંત્રના કામકાજ સારૂ અમારે વારંવાર બહાર ગામ જવું પડે છે એટલા સારૂ તમે જે કોઈ માલ મંગાવો તેના પૈસા અગાઉથી મનીઓર્ડર કરીને કે પોસ્ટની ટીકીટો મારફતે મોકલી આપવા મહેરબાની કરવી તેમજ જવાબ સારૂ ટીકીટ બીડવાથી જલ્દી જવાબ મળશે.

લી. ધર્મગુરૂ,

માસ્તર ચુનીલાલ મગનલાલ.

રીચીરોડની [illegible]—અમદાવાદ.

ચમત્કારી પુસ્તકો.

જાદુકળા પ્રકાશ—[illegible] ખેલ બતાવવા... ૧)

કામરૂદેશની મંત્ર વિદ્યા. ... ... [illegible]

અનંત રંગ—[illegible] કોકશાસ્ત્ર ... [illegible]

યોગની ચાવી—રોગો ને [illegible] ... [illegible]

મેસ્મેરીઝમ—[illegible] વિદ્યા . ... [illegible]

ફન આર્ટ—ફન વિદ્યા—પાનાના ખેલ.. [illegible]

જાદુ કપટ—હાથ ચાલાકીના ખેલ ... [illegible]

કિમીયાગર ચરિત્ર—[illegible] ... [illegible]

સામુદ્રિક વિદ્યા—[illegible] વિદ્યા ... [illegible]

જાદુઈ જડીબુટ્ટી—ગુપ્ત રોગોની દવા.. [illegible]

હીપ્નોટીઝમ [illegible] યોગ વિદ્યા ... [illegible]

સ્વર શાસ્ત્ર—સ્વર વિદ્યાના ચમત્કાર... [illegible]

જંગી જાદુગર પરશુરામ જાદુ ... [illegible]

મંત્રની ચોપડી સાપ વીંછી ઉતારવા. [illegible]

☞ ઉપરના દરેક પુસ્તકનું પોસ્ટેજ જુદું પડશે.

માસ્તર—નાનાલાલ મગનલાલ.

[illegible]—અમદાવાદ.